# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/કવા–૦૪/૧૫–૧૬/ ૩૪૦૯ તા. ૧૬/૦૪/૧૬

**રજી. એ.ડી પત્ર**

પ્રતિ,
આબીદ ઈબ્રાહીમ મેમણ
ખોજા ગેઈટ બહાર, ટીટોડીવાડી,
મેઈન રોડ, પ્લોટ નં. ૪૮,,
જામનગર
મો.૯૩૭૪૧ ૯૯૮૧૦

**વિષય :–ક્ષતીગ્રસ્ત મીટરંના વીજબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૩–૦૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૫૬/કવા–૦૪/૧૫–૧૬)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) 02

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ , દરબારગઢ પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/B

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

**કેસ નં. : સીજીઆરએફ : ૫૬/ક્વા–૦૪/૧૫–૧૬    કમિટિ મીટીંગ તા.૩૦–૦૩–૧૬    સ્થળ :–જામનગર**

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: આમીદ ઇબ્રાહીમ મેમણ, ગામ: જામનગર**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી આમીદ ઇબ્રાહીમ મેમણ હાજર રહેલ હતા**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : દરબારગઢ પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

**રજુઆત કરનાર : પી.એલ.ગોહિલ, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર**

---

## : હુકમ:

**ફરીયાદ : ક્ષતીગ્રસ્ત મીટરના વીજબીલ બાબત**

**મુદ્દા નં.–૧ :    પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૨૩૦૩/૦૪૪૬૩/૪ મા પીજીવીસીએલ તરફથી, માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૨ નુ ૩૨૭૨ યુનીટ નુ વીજબીલ અને ત્યારબાદ નુ વીજબીલ મીટર બદલાવ્યા પછી ના તમામ વીજબીલો તેઓને, વિશેષતમ યુનીટ વીજવપરાશ મુજબ ના અપાયેલ છે. જે ન્યાયિક રીતે મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદ્દા નં.–૨ :    પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

**૨.૧** અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૨૩૦૩/૦૪૪૬૩/૪, કે જે તા.૦૯–૦૧ ૨૦૧૦ ના રોજ ચાલુ થયેલ છે, તે જોડાણ મા, પીજીવીસીએલ તરફથી અપાયેલ માહે ફેબ્રુઆરી--માર્ચ -૧૨ ના ૩૨૭૨ યુનીટ નુ વીજબીલ સામે, અરજદારે વાંધો ઉઠાવી અને, મીટર બદલાવવાની કરેલ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૨૩૦૩/૦૪૪૬૩/૪ ના સ્થાપન પર નુ ઈસ્કરા કંપની નુ મીટર નંબર: ૦૦૦૭૫૦૯૩, જે તા.૨૪ -૦૨ ૧૨ ના રોજ, પર્ફોમા ૧૫ નંબર: ૧૦૯૦૩ થી, તેમા નોધાયેલ ૬૬૯૯ ના છેલ્લા રીડીંગ થી બદલાવી અને પેપરપેક કરી, અને નવુ એલએન્ડટી કંપની નુ નવુ મીટર નંબર: પીજીએસટી ૧૦૫૬૯૫૮, જે શરૂઆતના ૦૦૦૦૦૦ થી મુકવામા આવેલ હતુ. આ સમયે જોડાણ મા ૧.૫૮૦ કીવો નો વીજભાર વીજવપરાશી હોવાની વિગત જણાયેલ હતી. ત્યારબાદ, ફરીયાદી ના સવાલવાળા તા.૨૪ –૦૨-૧૨ ના રોજ ના પેપરપેક થયેલ ઈસ્કરા કંપની નુ મીટર નંબર: ૦૦૦૭૫૦૯૩ ને તા.૧૩-૦૬–૧૨ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટરે તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને ત્યારબાદ, સદર મીટર ને, મીટર બનાવટ કંપની સમક્ષ તા.૧૮ ૦૧ ૧૪ ના રોજ વિશેષ ચકાસણી અર્થે રજુ કરવામા આવેલ હતુ. મીટર બનાવટ કંપની તરફથી, સદર મીટર ની તાંત્રીક ચકાસણી નો અહેવાલ, જે તા.૧૩-૦૧-૧૬ ના રોજ પીજીવીસીએલ સમક્ષ રજુ થયેલ હતો. જે મુજબ, સદર સવાલવાળા મીટર મા કોઈ ક્ષતિ જણાયેલ ન હતી. અને તાંત્રીક રીતે યોગ્ય હોવાનો અભિપ્રાય વ્યકત થયેલ હતો. આમ, સદર સવાલવાળુ મીટર લેબોરેટરી ચકાસણી દરમ્યાન તેમજ મીટર બનાવટ કંપની ના અભિપ્રાય મુજબ તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય તેમા નોધાયેલ યુનીટ પણ જોડાણ મા જોડાયેલ ૧.૫૮૦ કીવો ના વીજભાર અન્વયે ના વીજવપરાશ મુજબ ના જ યુનીટ હોય, એ મુજબ અરજદાર ને અપાયેલ ફેબ્રુઆરી-માર્ચ -૧૨ ના ૩૨૭૨ યુનીટ નુ વીજબીલ યોગ્ય છે. જેથી, પીજીવીસીએલ તરફથી અરજદાર ને, સદર સવાલવાળા વીજબીલ ની સામેની, રકમ ભરપાઈ કરવાની પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી તા.૦૫-૦૨ -૧૬ ના રોજ લેખીત નોટીસ અપાયેલ છે. તે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે.

**૨.૨** અરજદાર શ્રી ના સદર જોડાણ મા, સવાલવાળુ મીટર બદલાવ્યા તા.૨૪ ૦૨ -૧૨ ના રોજ પહેલાના ૦૧ વર્ષ ના સમયગાળા દરમ્યાન, પ્રતિ દ્રીમાસીક સરેરાશ ૨૦૦ થી ૨૨૫ યુનીટ વીજવપરાશ સ્થાપિત થયેલ હતી. જયારે, તા.૨૪ –૦૨–૧૨ પછી ના લગાડવામા આવેલ નવા મીટર મા, માહે એપ્રીલ -મે ૧૨ થી ફેબ્રુઆરી-માર્ચ –૧૩ સુધી મા સરેરાશ ૪૫૦ યુનીટ, અને એપ્રીલ- મે -૧૩ થી ફેબ્રુઆરી માર્ચ ૧૪ સુધી ૫૭૫ યુનીટ, અને ત્યારબાદ, એપ્રીલ મે ૧૪ થી ઓકટોબર નવેમ્બર ૧૫ મા આશરે ૭૦૦ યુનીટ ની પ્રતિબીલ સરેરાશ વપરાશ સ્થાપિત થયેલ છે, જે જોડાણ મા જોડાયેલ ૧.૫૮૦ કીવો ના વીજભાર અન્વયે થતા વીજવપરાશ ને સમર્થન આપતી હોય. તે મુજબ અરજદાર શ્રી ને અપાયેલ માહે ફેબ્રુઆરી માર્ચ ૧૨ નુ ૩૨૭૨ યુનીટ નુ વીજબીલ યોગ્ય છે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા વર્ણવ્યા મુજબ ના, તેઓ શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૨૩૦૩/૦૪૪૬૩/૪ જોડાણ, કે જેનો જોડાયેલ વીજભાર ૧.૫૮૦ કીવો નો છે, તે જોડાણ મા, ફરીયાદી અરજદારે ઉઠાવેલ વાંધાવાળા માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૨ ના ૩૨૭૨ યુનીટ ના વીજબીલ અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે સવાલવાળુ મીટર બદલાવી, અને કરાયેલ લેબોરેટરી ચકાસણી મા, સવાલવાળુ મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. તેમજ, સદર મીટર બનાવટ કંપની નો અભિપ્રાય પણ, સદર સવાલવાળુ મીટર તાંત્રીક રીતે યોગ્ય હોવાનો અભિપ્રાય મળેલ છે. આમ, અરજદાર ને અપાયેલ સવાલવાળા ફેબ્રુઆરી–માર્ચ –૧૨ ના વીજબીલ મા નોંધાયેલ યુનીટ પણ જોડાણ મા જોડાયેલ ૧.૫૮૦ કીવો ના વીજભાર અન્વયે થતા, વીજવપરાશ ને આનુષાંગીક જ હોય, જે મુજબ અરજદાર ને અપાયેલ સવાલવાળુ માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૨ નુ વીજબીલ ફોરમ કમિટી યોગ્ય ઠરાવે છે. વિશેષ મા સદર સવાલવાળો ફેબ્રુઆરી–માર્ચ –૧૨ ના વીજબીલ મા નોંધાયેલ યુનીટ ને પણ, સવાલવાળા મીટર ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન જણાયેલ, તેમજ મીટર કંપની ના અભિપ્રાય અન્વયે તાંત્રીક યોગ્યતા, અને વિશેષ મા, સવાલવાળુ મીટર બદલાવ્યા તા.૨૪–૦૨–૧૨, થી મુકાયેલ નવા મીટર મા, માહે એપ્રીલ–મે –૧૨ થી ઓકટોબર–નવેમ્બર –૧૫ સુધીના સમયગાળા મા, થયેલ વાસ્તવિક વીજવપરાશી અન્વયે સ્થપાયેલ પ્રતિ દ્રીમાસીક સરેરાશ વીજવપરાશી યુનીટ પણ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ૪૫૦ થી ૭૦૦ યુનીટ ની સરેરાશ બીલીંગ વીજવપરાશ મુજબ જણાયેલ હોય, આ બાબત પણ જોડાણ મા થતા વીજવપરાશ ને સમર્થન આપતી હોય, તે મુજબ અરજદાર ને અપાયેલ ફેબ્રુઆરી–માર્ચ –૧૨ ના ૩૨૭૨ યુનીટ નુ વીજબીલ, જે યોગ્ય હોવાનો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના જોડાણ મા, પીજીવીસીએલ તરફથી અપાયેલ, માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૨ નુ ૩૨૭૨ યુનીટ નુ વીજબીલ, જે યોગ્ય હોવા બાબતે ની જાણકારી, જે ખાસ કરી ને અરજદાર તેમજ પીજીવીસીએલ એમ બન્ને પક્ષકારો ને, આ સાથે આપવાનો હુકમ થયેલ છે. |

ગેરહાજર

(કુ. યુ.એચ જુઠાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન.ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..